નો.ક.નઘણ/ખ-૩/૪૬૨૮૦
તા. ૨૩/૦૯/૨૦૨૦ (સંકલ્પ દિવસ)

## શ્રી સમતા કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., તાલાલા ગીર

9426052179 9426152479 samataccsltd@gmail.com

વિના સહકાર નહી ઉદ્ધાર

# તૃતીય વર્ષ

## ૨૦૨૨-૨૦૨૩

# વાર્ષિક અહેવાલ

# અને

# હિસાબો

## {ચતુર્થ વાર્ષિક સાધારણ સભા}

(૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨ ઓડીટ વર્ગ 'બ')



Mo. : 9427814355/9426052179/9586600795
E-mail : samataccsltd@gmail.com
C/o. J.J.ChavadaSiddharth Park, Talala Gir,Girsomnath, PIN 362150

નો.ક.નઘણ/ખ-૩/૪૬૨૮૦
તા. ૨૩/૦૯/૨૦૨૦ (સંકલ્પ દિવસ)

# શ્રી સમતા કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., તાલાલા ગીર

9426052179 9426152479 samataccsltd@gmail.com

## વ્યવસ્થાપક મંડળ

| ક્રમ | ડિરેક્ટર્સશ્રીઓ | હોદ્દો |
|---|---|---|
| ૧. | શ્રી જયાબેન જગદિશભાઈ ચાવડા | ચેરમેનશ્રી |
| ૨. | શ્રી ગોવિંદભાઈ નથુભાઈ ચાંડેરા | વાઇસ ચેરમેનશ્રી |
| ૩. | શ્રી લાભુબેન નારણભાઈ ખાણીયા | ડાયરેક્ટરશ્રી |
| ૪. | શ્રી ભુપેન્દ્રભાઈ જેઠાભાઈ સોલંકી | ડાયરેક્ટરશ્રી |
| ૫. | શ્રી રીનાબેન અનીલભાઈ ચાવડા | ડાયરેક્ટરશ્રી |
| ૬. | શ્રી નીતિનભાઈ નાજાભાઈ સોંદરવા | ડાયરેક્ટરશ્રી |
| ૭. | શ્રી જીજ્ઞાબેન હિતેષભાઈ સોલંકી | ડાયરેક્ટરશ્રી |
| ૮. | શ્રી નગાભાઈ દુદાભાઈ મકવાણા | ડાયરેક્ટરશ્રી |
| ૯. | શ્રી વિભાબેન રમેશભાઈ ચાવડા | ડાયરેક્ટરશ્રી |

## કર્મચારીગણ

| | |
|---|---|
| શ્રી નરેશકુમાર છગનભાઈ સાંખટ | માનદ્ મંત્રી (માનદસેવા) |
| શ્રી આદિત્ય બેરડીયા | સહાયક |

<u>પારદર્શક સંચાલન સફળ સહકારીતાનો પાયો છે.</u>



Mo. : 9427814355/9426052179/9586600795
E-mail : samataccsltd@gmail.com
C/o. J.J.ChavadaSiddharth Park, Talala Gir,Girsomnath, PIN 362150

# શ્રી સમતા કો.ઓ.ક્રેડીટ સોસાયટી લી. તાલાલા ગીર

## ચતુર્થ વાર્ષિક સાધારણ સભાના એજન્ડા

આથી મંડળીનાં સર્વે સભાસદ ભાઈ બહેનોને જણાવવામાં આવે છે કે આપણી મંડળીની વાર્ષિક સાધારણ સભા તા.૨૪/૦૯/૨૦૨૩ને રવિવારનાં રોજ સાંજે ૩.૦૦ કલાકે શ્રી ધ્રુવ કુમાર છાત્રાલય, કેતન મીલ ગેટની બાજુમાં, વેરાવળ રોડ, તાલાલા ગીર ખાતે નીચે જણાવેલ કાર્યસૂચિનાં કામકાજ માટે મળશે. જેથી તમામ સભાસદ ભાઈ બહેનો સહ પરિજનોને હાજરી આપવા વિનંતી છે.

❖ **કાર્યસૂચિ**

૧. આ મંડળીની તા.૨૫/૦૯/૨૦૨૨ નાં રોજ મળેલ વાર્ષિક સાધારણ સભામાં થયેલ કાર્યવાહીની નોંધ લેવા અને બહાલી આપવા બાબત.

૨. તા.૩૧/૦૩/૨૦૨૩ નાં રોજ પૂરા થતાં વર્ષના મંડળીનાં તૈયાર કરેલ વાર્ષિક અહેવાલ તથા મંડળીના તારીજ, સરવૈયા અને નફા-તોટાનાં હિસાબોની નોંધ લઈ માન્ય રાખવા બાબત.

૩. સને ૨૦૨૨-૨૦૨૩ નાં વર્ષનાં ચોખ્ખા નફાની ફાળવણીને માન્ય રાખી મંજુર રાખવા બાબત.

૪. સને ૨૦૨૨-૨૦૨૩ નાં વર્ષ દરમ્યાન વ્ય.સમિતિએ કરેલી કાર્યવાહીને બહાલી આપવા બાબત.

૫. સને ૨૦૨૩-૨૦૨૪ નાં વર્ષ માટે આંતરિક અન્વેષક (Internal Auditor) નિમણુક બાબત.

૬. સને ૨૦૨૩-૨૦૨૪ નાં વર્ષ માટે અંદાજીત ખર્ચનું બજેટ મંજૂર કરવા બાબત.

૭. ઓડીટ રીપોર્ટ, મેમો સને ૨૦૨૦-૨૦૨૧ તથા ૨૦૨૧-૨૦૨૨ વંચાણે લઈ વ્ય.ક.એ.તૈયાર કરેલ દુરસ્તી અહેવાલને બહાલી આપવા બાબત.

૮. કર્જ અને ધીરાણ લેવા - દેવા તથા વ્યાજદર બાબત.

૯. વિશેષ પ્રતિભા સન્માન કરવા બાબત.

૧૦. અધ્યક્ષશ્રીની અનુમતીથી જે રજુ થાય તે.

**નોંધ.** ૧. સભા નોન કોરમ થશે તો સભાના અડધા કલાક પછી તે જ દિવસે અને તે જ સ્થળે નોન કોરમ સભામાં એજન્ડા મુજબનું કામકાજ કરવામાં આવશે.

૨. અહેવાલ, હિસાબ બાબતે કોઈપણ વિગતે ચોખવટ કરવાની હોય તો સાધારણ સભા પહેલા ઓફીસ સમયે કરી લેવી.

તા. ૦૯/૦૯/૨૦૨૩

બોર્ડ ઓફ ડિરેક્ટર્સનાં આદેશથી

શ્રી નરેશ છ. સાંખટ

માનદ્ મંત્રી

શ્રી સમતા કો.ઓ.ક્રે.સો.લી. તાલાલા ગીર

નો.ક.નધણ/ખ-૩/૪૬૨૮૦
તા. ૨૩/૦૯/૨૦૨૦ (સંકલ્પ દિવસ)

# શ્રી સમતા કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., તાલાલા ગીર

9426052179 9426152479 samataccsltd@gmail.com

## પ્રમુખશ્રીનું નિવેદન

આત્મીય સભાસદ ભાઈઓ તથા બહેનો નમસ્કાર......

આપણી મંડળી પ્રગતિના પંથે આગળ વધતા વાર્ષિક અહેવાલ તેમજ વર્ષ ૨૦૨૨-૨૦૨૩નાં વર્ષના મંડળીએ કરેલ કામગીરીનો અહેવાલ, વાર્ષિક હિસાબો, નફા તોટા પત્રક આ સાથે રજૂ કરતા આનંદની લાગણી અનુભવું છું. મંડળીના વ્ય.ક.નાં સભ્યશ્રીઓએ સભાસદોશ્રીના હિતલક્ષી નિર્ણયો સર્વાનુમતે લીધેલ છે. જેથી મંડળીની વધુને વધુ પ્રગતિ થઈ રહી છે. જેનું મને ગૌરવ છે. મને આનંદ થાય છે કે આ મંડળીમાં સર્વાનુંમતે અમોએ કરેલા કાર્યો જણાવતા આનંદ અનુભવીએ છીએ અને અમારાં આ નિર્ણયોને આપ સહર્ષ સ્વીકારશો. એવી આશા રાખીએ છીએ. આ વર્ષ દરમ્યાન સભાસદોની લોન નિયમિત રીતે મંજુર કરેલ છે અને ધીરાણ માટેના નાણાંની જરૂરિયાત પૂરી પાડેલ છે. જેથી કોઇપણ સભાસદને લાંબો સમય પ્રતીક્ષા યાદીમાં રહેવું પડેલ નથી. તેમજ મંડળીએ બેંક ખાતે પણ ફી.ડી.માં રોકાણ કર્યું છે.

આ બધું આપના સહકારથી શક્ય બન્યું છે. કોઈ વ્યક્તિ આવું કાર્ય એકલા હાથે કરી શકે નહી. આ સંસ્થા પ્રથમ વર્ષથી જ પ્રગતિ કરી રહી છે. જેમાં આપનો અમૂલ્ય ફાળો છે. એની અમો ખુશી વ્યક્ત કરીએ છીએ. મંડળીના કાર્ય અને ભંડોળ વગેરે તરફ જોઈએ તો મંડળી સતત સફળતા મેળવી રહી છે અને ગત વર્ષની સાધારણ સભા પ્રમાણેની કાર્યવાહી પૂર્ણ કરેલ છે. આ તકે આપણા દિવંગત સભાસદને શબ્દાંજલી સમતા પરીવાર વતી અર્પણ કરીએ છીએ.

દરેક સભાસદને તા.૩૧/03/૨૦૨૩ સુધીનાં હિસાબો સાથે બચત અને ધીરાણ તેમજ ફી.ડી. વગેરેની વિગતનું સ્ટેટમેન્ટ આપને આ સાથે જ મળી જશે.



Mo. : 9427814355/9426052179/9586600795
E-mail : samataccsltd@gmail.com
C/o. J.J.ChavadaSiddharth Park, Talala Gir,Girsomnath, PIN 362150

## શ્રી સમતા કો.ઓ.ક્રેડીટ સોસાયટી લી. તાલાલા ગીર

## આપણી સંસ્થાનાં વર્ષ ૨૦૨૨-૨૦૨૩ નાં હિસાબ

### શેર ભંડોળ

મંડળીના તા.૩૧/૦૩/૨૦૨૨નાં સુધીનું શેર ભંડોળ રૂ. ૨,૩૪,૮૦૦.૦૦ હતું, જેમાં રૂ. ૪૮,૬૦૦.૦૦ નો વધારો અને રૂ. ૨૫૦૦.૦૦ નો ઘટાડો થતાં વર્ષાન્તે તા.૩૧/૦૩/૨૦૨૩ નાં રોજ શેર ભંડોળ રૂ. ૨,૮૦,૯૦૦.૦૦ રહેલ છે. જે સંસ્થાની વિશ્વસનીયતા દર્શાવે છે.

### સભ્ય સંખ્યા

મંડળીમાં તા.૩૧/૦૩/૨૦૨૨નાં રોજ સભ્ય સંખ્યા ૨૨૦ ની હતી, જેમાં ૨૪ સભ્યો નવા દાખલ થયેલ અને ૩ સભ્ય સ્થળાંતરનાં લીધે છૂટાં થતાં વર્ષાન્તે તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ સભ્ય સંખ્યા ૨૪૧ રહેલ છે.

### અનામત ભંડોળ

તા. ૩૧/૦૩/૨/૨૩ સુધીમાં મંડળીનું અનામત ભંડોળ રૂ. ૧૧,૬૫૦.૦૦ વર્ષાન્તે થયેલ છે.

### સભાસદ બચત

મંડળીના તા. ૩૧/૦૩/૨૦૨૨ નાં સુધીની સભાસદ બચત રૂ. ૬,૨૪,૧૪૧.૦૦ હતી, જેમાં રૂ. ૬,૧૩,૫૪૦.૦૦ નો વધારો અને રૂ. ૮૨,૧૭૫.૦૦ નું ચુકવણું થતાં વર્ષાન્તે તા.૩૧/૦૩/૨૦૨૩ નાં રોજ સભાસદ બચત રૂ. ૧૧,૫૫,૫૦૬.૦૦ રહેલ છે. જે સંસ્થાની વિશ્વસનીયતા દર્શાવે છે.

### સભાસદ ફી.ડી.

મંડળીમાં તા.૩૧/૦૩/૨૦૨૨ નાં સુધીની સભાસદ ફી.ડી. રૂ. ૧,૮૭,૬૫૫.૦૦ હતી, જેમાં રૂ. ૨,૮૯,૦૦૦.૦૦ નો વધારો અને રૂ. ૧,૯૦,૨૨૨.૦૦ નું ચુકવણું થતાં વર્ષાન્તે તા.૩૧/૦૩/૨૦૨૩ નાં રોજ સભાસદ ફી.ડી. રૂ. ૨,૮૬,૪૩૩.૦૦ રહેલ છે. જે સંસ્થાની વિશ્વસનીયતા અને પ્રગતિ દર્શાવે છે.

### ધી જૂ.જી.સ.બેંક શેર

આપણી મંડળીનાં ધી જૂનાગઢ જિલ્લા સહકારી બેંકનાં સભાસદ શેર ભંડોળ ખાતે રૂ. ૫૦૦૦.૦૦ ખાતે રહેલ છે.

### નફો

નફો તોટા પત્રક મુજબ તા.૩૧/૦૩/૨૦૨૩નાં રોજ રૂ. ૨૦,૭૪૭.૯૦ થયો છે. જેને પેટા નિયમ મુજબ નફાની વહેંચણી કરવાની બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તરફથી ભલામણ કરવામાં આવે છે.

## શ્રી સમતા કો.ઓ.ક્રેડીટ સોસાયટી લી. તાલાલા ગીર

### ધીરાણ અને વસુલાત

મંડળી પોતાના સ્વ ભંડોળમાંથી જ ધીરાણ કરે છે. જેમાં સભાસદ ધીરાણ તા.૩૧/૦૩/૨૦૨૨ સુધીમાં રૂ. ૯,૧૨,૯૦૨.૦૦ હતું જેમાં રૂ. ૧૧,૧૯,૩૯૬.૦૦ ધિરાણ અને રૂ. ૧૦,૧૦,૦૫૫.૦૦ વસુલાત જમા થતાં તા.૩૧/૦૩/૨૦૨૩ નાં રોજ રૂ. ૧૦,૨૨,૨૪૩.૦૦ ધીરાણ બાકી રહેલ છે.

### વ્યાજદર

ધીરાણ ઉપર વ્યાજદર વાર્ષિક (૨૦૨૨-૨૦૨૩) ૧૦% અને સભાસદ બચત પર વર્ષ (૨૦૨૨-૨૦૨૩) માં ૬% (અર્ધવાર્ષિક) તેમજ ફીક્ષ ડીપોઝીટ પર વર્ષ (૨૦૨૨-૨૦૨૩) ૬.૫% નિયમ અનુસાર વાર્ષિક વ્યાજદર ગણતરી કરીની અનુક્રમે ધિરાણ ખાતે, બચત ખાતે અને ફી.ડી. ખાતે જમા કરેલ છે.

### ધી જૂ.જી.સ.બેંકમાં ફી.ડી રોકાણ.

મંડળી પોતાના ભંડોળનું રોકાણ શ્રી જુનાગઢ જિલ્લા સહકારી બેંક તાલાલા ગીર શાખામાં તા.૩૧/૦૩/૨૦૨૨ સુધીમાં રૂ. ૫૦,૦૦૦.૦૦ હતું જેમાં રૂ. ૧૧,૫૦,૦૦૦.૦૦ વધારો અને રૂ. ૬,૫૦,૦૦૦.૦૦ ની પાકતી મુદતે તા.૩૧/૦૩/૨૦૨૩ નાં રોજ રૂ. ૫,૫૦,૦૦૦.૦૦ બેંક ફી.ડી. ખાતે રહેલ છે.

### સંસ્થા અને સભાસદનાં હિત માટે

- આપની સાથે સરળતાથી સંપર્ક થઇ શકે તે માટે આપનો મોબાઈલ નંબર કે સરનામું બદલે તો સંસ્થાની ઓફીસમાં અથવા ટેલીફોનીક જાણ કરવા વિનંતી.
- સંસ્થા અને જામીનદાર બંનેના હિત માટે લોન કેસમાં જામીન થયા હોય તો લોનનાં હપ્તા સમયસર ભરાય છે કે તેની ખાત્રી કરવી જરૂરી છે.
- લોન લેનાર સભાસદે લોન હપ્તો દર મહિનાની તારીખ ૧ થી ૧૦ સુધીમાં જમા કરાવવો ફરજિયાત છે અન્યથા દંડનીય વ્યાજ લાગુ પડી શકે છે.
- બચત કે લોન હપ્તો ભર્યાની પહોંચ મેળવવી અને ચકાસણી કરવાનો આગ્રહ રાખવો.
- લોન હપ્તામાં અનિયમિત સભાસદની વસુલાત ચેક દ્વારા કરવામાં આવે છે માટે નિયમિત હપ્તા ભરતા રહેવું જરૂરી છે.
- સંસ્થાના સ્વભંડોળની સગવડ મુજબ ધિરાણ ક્રમાનુસાર આપવામાં આવશે.
- ધિરાણ મેળવવા માટે નિયત નમૂના ફોર્મ સાથે જરૂરી આધારો અને વિગતો આપવાની રહેશે.

**એક-મેકનાં સહકારથી સમૃદ્ધિ**

## **શ્રી સમતા કો.ઓ.ક્રેડીટ સોસાયટી લી. તાલાલા ગીર**

## **આભાર દર્શન**

આપણી સંસ્થાની ઉત્તરોતર પ્રગતિ અને વહીવટમાં સદૈવ મદદરૂપ અને માર્ગદર્શક રહેલા તાલુકા પ્રાથમિક શિક્ષક મંડળીના પૂર્વ ચેરમેન શ્રી જગદીશભાઈ બી. ચાવડા, મંત્રીશ્રી લલિતભાઈ ચાંડેરા, ધી જૂનાગઢ જિલ્લા સહકારી બેંક – સંઘનાં **ચેરમેનશ્રી**, ડીરેક્ટરશ્રીઓ તમામ અને CEO સાહેબ અને ધી જૂનાગઢ જિલ્લા સહકારી બેંક તાલાલા શાખાનાં મેનેજર સાહેબ સહ સ્ટાફગણ, SBI BUS STAND શાખા તાલાલા મેનેજર સાહેબ તથા સ્ટાફગણ, આત્મીય **તત્વમસિ શ્રી નાગબાપુ વાળા સાહેબ** પૂર્વ ઓડીટર જુનાગઢ અને વર્તમાન MD ગાયત્રી વિદ્યાપીઠ, જુનાગઢ તથા સિદ્ધપુર – ઊંઝા તાલુકા પ્રા.શિક્ષક મંડળીનાં **ચેરમેનશ્રી**, ડીરેક્ટરશ્રીઓ, સભ્યો તેમજ મંત્રી કમ ઓડીટરશ્રી **સીરાજભાઈ** મોગલ ખાન સાહેબ. સૌનો આ તકે આભાર વ્યક્ત કરું છું.

**શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સાહેબશ્રી** ગીર સોમનાથ અને મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સાહેબશ્રી તથા તમામ સહકારી સ્ટાફશ્રી ગીર સોમનાથ, તાલુકા અને જિલ્લાનાં સહકારી અગ્રણીશ્રીઓ, તાલુકા વિસ્તરણ અધિકારીશ્રી (સહકાર), તાલુકા અને જિલ્લા કક્ષાનાં ઓડીટર્સશ્રીઓ તમામ, નિવૃત શિક્ષકો અને નિવૃત કર્મચારી-અધિકારીશ્રીઓ તમામ, તાલુકા પૂર્વ TPEO શ્રી રામ સાહેબ તેમજ BRC શ્રી રમેશભાઈ રામ સાહેબ અને CRC મિત્રો અને તમામ BRC ઓફીસ સ્ટાફ, માધ્યમિક અને ઉચ્ચતર શાળા કર્મચારી મિત્રો, ધૃવ કુમાર છાત્રાલય તાલાલાનાં સંચાલકશ્રીઓશ્રી હરેશભાઈ ધોળિયા અને રમેશભાઈ માવદીયા તેમજ ગૃહપતિશ્રી સકરાભાઇ મુછડીયા, શ્રી શિવ સંગમ કો.ઓ.ક્રે.સો,લી રાજકોટનાં ચેરમેનશ્રી, ડિરેક્ટર્સશ્રીઓ તેમજ આપણી સંસ્થાના તમામ સભાસદશ્રીઓ, સિદ્ધાર્થ પાર્ક સોસાયટીનાં રહેવાસીશ્રીઓ અને સમસ્ત તાલાલા શહેર અને તાલુકાની જાહેર જનતા તેમજ આપણી મંડળીના તમામ હિતેચ્છુ નામી અનામી શુભેચ્છક સભાસદોનો હદય પૂર્વક આભાર વ્યક્ત કરું છું.

આપણી સંસ્થાનાં લોક સેવાર્થે લોક ફાળાથી **સમતા એમ્બ્યુલન્સ** અભિયાનમાં **જોડાયેલા** અને **ભવિષ્યમાં** સહયોગ આપનાર તમામનાં **ઋણી** રહીશું.

અંતમાં સૌનો આભાર....... જય ભારત........... જય સહકાર..........વંદે માતરમ.........

**આભાર સહ**

આપની વિશ્વાસું
શ્રી જયાબેન જે. ચાવડા
ચેરપર્સન
શ્રી સમતા કો.ઓ.ક્રે.સો.લી. તાલાલા ગીર

# શ્રી સમતા કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., તાલાલા ગીર

**તારીખ 01/04/2022 થી 31/03/2023 સુધીની તારીજ**

| ક્રમ | વિગત | જમા | ઉધાર |
|---|---|---|---|
| 1 | શ્રી શેર ભંડોળ ખાતે | . 48,600.00 | . 2,500.00 |
| 2 | શ્રી ફરજીયાત બચત ખાતે | . 6,13,540.00 | . 82,175.00 |
| 3 | શ્રી સભાસદ ફી.ડી. ખાતે | . 2,89,000.00 | . 1,90,222.00 |
| 4 | શ્રી બેંક ફી.ડી. ખાતે | . 6,50,000.00 | . 11,50,000.00 |
| 5 | શ્રી સભાસદ ધીરાણ ખાતે | . 10,10,055.00 | . 11,19,396.00 |
| 6 | શ્રી જુ.જી.સ.બેંક ચાલુ ખાતે | . 20,28,667.50 | . 20,05,883.00 |
| 7 | શ્રી SBI બેંક ચાલુ ખાતે | . 96,349.00 | . 1,44,046.00 |
| 8 | શ્રી જૂ.જી.સ.બેંક બચત ખાતે | . 50,082.60 | . 1,10,690.00 |
| 9 | શ્રી પ્રવેશ ફી ખાતે | . 600.00 | . 600.00 |
| 10 | શ્રી અધેસીવ સ્ટેમ્પ ખાતે | . 3,900.00 | . 4,900.00 |
| 11 | શ્રી પરચુરણ ખર્ચ ખાતે | . 0.00 | . 1,200.00 |
| 12 | શ્રી ફરજીયાત બચત વ્યાજ જાવક ખાતે | . 0.00 | . 47,207.00 |
| 13 | શ્રી ફી.ડી. વ્યાજ જાવક ખાતે | . 0.00 | . 11,093.00 |
| 14 | શ્રી બેંક ચાર્જ ખર્ચ ખાતે | . 0.00 | . 1,115.10 |
| 15 | શ્રી સ્ટેશનરી ખર્ચ ખાતે | . 0.00 | . 3,715.00 |
| 16 | શ્રી વાર્ષિક સાધારણ સભા ખર્ચ ખાતે | . 0.00 | . 4,100.00 |
| 17 | શ્રી પગાર ખર્ચ ખાતે | . 0.00 | . 5,500.00 |
| 18 | શ્રી ઓફિસ ભાડા ખર્ચ ખાતે | . 0.00 | . 11,000.00 |
| 19 | શ્રી ઓડીટ ફી ખાતે | . 0.00 | . 5,000.00 |
| 20 | શ્રી ડેડ સ્ટોક ખાતે | . 0.00 | . 15,250.00 |
| 21 | શ્રી કોપ્યુટર સોફ્ટવેર ખાતે | . 0.00 | . 51,375.00 |
| 22 | શ્રી ફી.ડી. વ્યાજ દેવા બાકી ખાતે | . 0.00 | . 900.00 |
| 23 | શ્રી નફા તોટા ખાતે | . 0.00 | . 18,995.81 |
| 24 | શ્રી લોન વ્યાજ આવક ખાતે | . 94,396.00 | . 0.00 |
| 25 | શ્રી ડેડ સ્ટોક ઘસારા ખાતે | . 1,896.00 | . 0.00 |
| 26 | શ્રી અનામત ભંડોળ ખાતે | . 5,339.00 | . 0.00 |
| 27 | શ્રી ડુબત લેણા ખાતે | . 2,843.00 | . 0.00 |
| 28 | શ્રી સમતા એમ્બ્યુલંસ ભંડોળ ખાતે | . 59,178.00 | . 0.00 |
| 29 | શ્રી મકાન ફંડ ખાતે | . 1,896.00 | . 0.00 |
| 30 | શ્રી શિક્ષણ ખાતે | . 948.00 | . 0.00 |
| 31 | શ્રી સહકાર પ્રચાર & પસાર ખાતે | . 663.00 | . 0.00 |
| 32 | શ્રી ધર્માદા ખાતે | . 663.00 | . 0.00 |
| 33 | શ્રી હેલ્થ & વેલ્ફેર ખાતે | . 5,347.81 | . 0.00 |
| 34 | શ્રી વિમા ખાતે | . 7,775.00 | . 0.00 |
| 35 | શ્રી બેંક ફી.ડી. વ્યાજ આવક ખાતે | . 9,931.00 | . 0.00 |
| 36 | શ્રી વ્યાજ આવક ખાતે | . 2,801.00 | . 0.00 |
| 37 | શ્રી ફોર્મ ફી ખાતે | . 3,550.00 | . 0.00 |
| 38 | શ્રી રોકડ ખાતુ | . 1,836.00 | . 2,994.00 |
| | કુલ | . 49,89,856.91 | . 49,89,856.91 |

**નરેશ છ. સાંખટ**
**માનદ મંત્રી**

**ગોવિંદભાઈ ન. ચાંડેરા**
**વા.ચેરમેન**

**જયાબેન જ.ચાવડા**
**પ્રમુખ**

# શ્રી સમતા કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., તાલાલા ગીર

## વર્ષ 2022-2023 નું નફા નુકશાન પત્રક

| ક્રમ | વિગત | જમા | વિગત | ઉધાર |
|---|---|---|---|---|
| 1 | શ્રી લોન વ્યાજ આવક ખાતે | 94,396.00 | શ્રી પરચુરણ ખર્ચ ખાતે | 1,200.00 |
| 2 | શ્રી ફોર્મ ફી ખાતે | 3,550.00 | શ્રી ફરજીયાત બચત વ્યાજ જાવક ખાતે | 47,207.00 |
| 3 | શ્રી બેંક ફી.ડી. વ્યાજ આવક ખાતે | 9,931.00 | શ્રી ફી.ડી. વ્યાજ જાવક ખાતે | 11,093.00 |
| 4 | શ્રી વ્યાજ આવક ખાતે | 2,801.00 | શ્રી બેંક ચાર્જ ખર્ચ ખાતે | 1,115.10 |
| 5 | | | શ્રી સ્ટેશનરી ખર્ચ ખાતે | 3,715.00 |
| 6 | | | શ્રી વાર્ષિક સાધારણ સભા ખર્ચ ખાતે | 4,100.00 |
| 7 | | | શ્રી પગાર ખર્ચ ખાતે | 5,500.00 |
| 8 | | | શ્રી ઓફિસ ભાડા ખર્ચ ખાતે | 11,000.00 |
| 9 | | | શ્રી ઓડીટ ફી ખાતે | 5,000.00 |
| 10 | | | શ્રી ચોખ્ખો નફો ૨૦૨૨ - ૨૦૨૩ | 20,747.90 |
| | | 1,10,678.00 | | 1,10,678.00 |

## ૩૧/૦૩/૨૦૨૩ નું પાકું સરવૈયું

| ક્રમ | વિગત | જમા | વિગત | ઉધાર |
|---|---|---|---|---|
| 1 | શ્રી શેર ભંડોળ ખાતે | . 2,80,900.00 | શ્રી ડેડ સ્ટોક ખાતે | . 40,556.00 |
| 2 | શ્રી સભાસદ ફી.ડી. ખાતે | . 2,86,433.00 | શ્રી કોપ્યુટર સોફ્ટવેર ખાતે | . 51,375.00 |
| 3 | શ્રી ડેડ સ્ટોક ઘસારા ખાતે | . 2,020.00 | શ્રી બેંક ફી.ડી. ખાતે | . 5,50,000.00 |
| 4 | શ્રી અનામત ભંડોળ ખાતે | . 11,650.00 | શ્રી બેંક શેર ખાતે | . 5,000.00 |
| 5 | શ્રી ડુબત લેણા ખાતે | . 3,029.00 | શ્રી જુ.જી.સ.બેંક ચાલુ ખાતે | . 52,478.70 |
| 6 | શ્રી સમતા એમ્બ્યુલંસ ભંડોળ ખાતે | . 1,04,226.00 | શ્રી જૂ.જી.સ.બેંક બચત ખાતે | . 1,05,380.60 |
| 7 | શ્રી મકાન ફંડ ખાતે | . 2,020.00 | શ્રી SBI બેંક ચાલુ ખાતે | . 59,199.41 |
| 8 | શ્રી શિક્ષણ ખાતે | . 1,010.00 | શ્રી સભાસદ ધીરાણ ખાતે | . 10,22,243.00 |
| 9 | શ્રી સહકાર પ્રચાર & પસાર ખાતે | . 707.00 | શ્રી અધેસીવ સ્ટેમ્પ ખાતે | . 1,000.00 |
| 10 | શ્રી ધર્માદા ખાતે | . 707.00 | શ્રી રોકડ ખાતુ | . 2,994.00 |
| 11 | શ્રી હેલ્થ & વેલ્ફેર ખાતે | . 5,695.81 | | |
| 12 | શ્રી ફરજીયાત બચત ખાતે | . 11,55,506.00 | | |
| 13 | શ્રી વિમા ખાતે | . 15,575.00 | | |
| 14 | શ્રી ચોખ્ખો નફો ૨૦૨૨ - ૨૦૨૩ | . 20,747.90 | | |
| | | . 18,90,226.71 | | . 18,90,226.71 |

| નરેશ છ. સાંખટ | ગોવિંદભાઈ ન. ચાંડેરા | જયાબેન જ. ચાવડા |
|---|---|---|
| માનદમંત્રી | વાઈસ ચેરમેન | ચેરપર્સન |

**આ પ્રગતિ આપના સાથ અને સહકારનું પરિણામ છે.**

# શ્રી સમતા કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., તાલાલા ગીર

## સને ૨૦૨૨-૨૦૨૩નાં નફાની વહેંચણીનું પત્રક

| વિગત | રૂ.પૈસા. | વિગત | રૂ.પૈસા |
|---|---|---|---|
| સને ૨૦૨૨-૨૦૨૩નો ચોખ્ખો નફો | ૨૦,૭૪૭.૯૦ | શ્રી અનામત ભંડોળ ૨૫% | ૫૧૮૭.00 |
| | | શ્રી ડુબત લેણાં ફંડ ૧૫% | ૩૧૧૨.00 |
| | | શ્રી ડેડ સ્ટોક ઘસારાફંડ ૧૦% | ૨૦૭૫.00 |
| | | શ્રી મકાન ફંડ ૧૦% | ૨૦૭૫.00 |
| | | | ૧૩૪૮૬.00 |
| | | બાકી વધેલી રકમ | ૭૨૬૧.૯૦ |
| | | શ્રી સહકાર ફંડ ૧૦% | ૭૨૬.00 |
| | | શ્રી ધર્માદા ફંડ ૧૦% | ૭૨૬.00 |
| | | શ્રી સભાસદ હેલ્થ & વેલ્ફેર ફંડ ૮૦% | ૫૮૦૯.00 |
| કુલ સરવાળો | ૨૦,૭૪૭.૯૦ | કુલ સરવાળો | ૨૦,૭૪૭.૯૦ |

## સને ૨૦૨૩-૨૦૨૪ નાં વર્ષનું અંદાજપત્ર

| વિગત | ૨૦૨૨-૨૦૨૩ ખર્ચ | ૨૦૨૩-૨૦૨૪ અંદાજીત ખર્ચ |
|---|---|---|
| શ્રી પરચુરણ ખર્ચ | ૧૨૦૦ | ૫૦૦૦ |
| શ્રી સ્ટેશનરી ખર્ચ | ૩૭૧૫ | ૫૦૦૦ |
| શ્રી વ્ય.ક.બેઠક ખર્ચ | દાતાશ્રી જગદીશભાઈ ચાવડા (રૂ. ૧૨૦૦/-) | દાતાશ્રી જગદીશભાઈ ચાવડા |
| શ્રી વાર્ષિક સભા ખર્ચ | ૪૧૦૦ | ૫૦૦૦ |
| શ્રી પગાર ખર્ચ | ૫૫૦૦ | ૫૫૦૦ |
| શ્રી પોસ્ટ / ટપાલ ખર્ચ | દાતાશ્રી છગનભાઈ સાંખટ (રૂ. ૧૫૦૦/-) | ૧૦૦૦ |
| શ્રી ઓફીસ ભાડા ખર્ચ | ૧૧૦૦૦ | ૧૧૦૦૦ |
| શ્રી ઓફીસ લાઈટ બીલ ખર્ચ | દાતાશ્રી જગદીશભાઈ ચાવડા (રૂ. ૩૦૦૦/-) | ૪૦૦૦ |
| શ્રી બેંક ચાર્જ | ૧૧૧૫ | ૧૨૦૦ |
| શ્રી ઓડીટ ફી ખર્ચ | ૫૦૦૦ (બે વર્ષ) | ૩૦૦૦ |

| નરેશ છ. સાંખટ | ગોવિંદભાઈ ન. ચાંડેરા | જયાબેન જ. ચાવડા |
|---|---|---|
| માનદમંત્રી | વાઈસ ચેરમેન | ચેરપર્સન |

------------------------

**બેન્કર્સ**

ધી જૂનાગઢ જિલ્લા સહકારી બેંક લિ. તાલાલા ગીર

સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા બસ સ્ટેન્ડ શાખા તાલાલા ગીર

**સબ્બ પાપસ્સ અકરણમ, કુસલસ્સ ઉપસંપદા..........** **સૌનું મંગલ થાય.**




આપણા વતનની લોક સેવાર્થે
યોગદાન માટેની અપેક્ષા સહ વંદન.

પ્રતિશ્રી,..................................................

ગામ..................................................

તા..................................જી..................

પીન..................................

રવાના

શ્રી સમતા કો.ઓ.ક્રે.સો.લી. તાલાલા

૯૪૨૬૧૫૨૪૭૯/૯૪૨૬૦૫૨૧૭૯